# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. 　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા: ૨૫/૧૦/૨૦૧૬

તંત્રી શ્રી, ______________________ 　　　　　　　　　　　　　　સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ માંડલેવાળા

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## <u>લેઉવા પટેલ સમાજના ૮૨ વર્ષીય બ્રેનડેડ જીવીબેન જસમતભાઈ ડાવરીયાના અંગોનું દાન કરી ડાવરીયા પરિવારે સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી</u>

નામ : જીવીબેન જસમતભાઈ ડાવરીયા ઉ. વ. ૮૨ બ્લડ ગ્રુપ: A-

રહેવાસી : ૩૫, હરીશનગર સોસાયટી, સરદાર બ્રીજ પાસે, અડાજણ રોડ, સુરત.

મૂળ રહેવાસી : ગામ : હસા જંકશન તા: ગઢડા, જી : બોટાદ

કૌટુંબિક વિગત : પતિ: સ્વ: જસમતભાઈ નાનજીભાઈ ડાવરીયા

પુત્રો : ૧. બચુભાઈ જસમતભાઈ ડાવરીયા ઉ. વ. ૬૨
નિવૃત્ત જીવન.
૨. મગનભાઈ જસમતભાઈ ડાવરીયા ઉ. વ. ૬૦
નિવૃત્ત જીવન
૩. ભરતભાઈ જસમતભાઈ ડાવરીયા ઉ. વ. ૫૩
જમીનના વ્યવસાય સાથે સંકળાયેલ
૪. દિનેશભાઈ જસમતભાઈ ડાવરીયા ઉ. વ. ૪૩
ડાવરીયા બ્રધર્સ ડાયમંડ પેઢીમાં જોબ

<u>બનાવની વિગત:</u>

રવિવાર તા: ૨૩ ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ જીવીબેન રાત્રે સુતા હતાં તે વખતે ગભરામણ થતાં તેઓ બેહોશ થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક BAPS પ્રમુખ સ્વામી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વોકાર્ડ હોસ્પીટલમાં ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યાં તેમને નિદાન માટે સીટી સ્કેન કરાવતાં તેમાં બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયુ હતું. સોમવાર તા: ૨૪ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા અને ન્યુરોસર્જન ડો. વિનોદ મહેતાએ જીવીબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરાએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જીવીબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી જીવીબેનના દીકરાઓ બચુભાઈ, મગનભાઈ, ભરતભાઈ, દિનેશભાઈ, ભાણેજ મધુભાઈ ડાવરીયા, પૌત્ર કિશન તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ એકી અવાજે જણાવ્યું કે અમારા માતૃશ્રી ધાર્મિકવૃતિના હતા. તેઓ હંમેશા બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજતા હતા. તેઓ કહેતા હતા કે મારા મૃત્યુ પછી મારા શરીરનું દેહદાન કરજો. આજે જયારે તેઓ બ્રેનડેડ છે તો અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો તમે ઓર્ગન ડોનેશન માટે આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની ગાંધીનગરના રહેવાસી મહેન્દ્ર હિંમતલાલ બગડિયા ઉ. વ. ૫૩માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

આ બન્ને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જીવીબેનના દીકરાઓ બચુભાઈ, મગનભાઈ, ભરતભાઈ, દિનેશભાઈ, ભાણેજ મધુભાઈ ડાવરીયા, પૌત્ર કિશન તથા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા, ન્યુરોસર્જન ડો. વિનોદ મહેતા, વોકાર્ડ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૭૨ કિડની, ૬૧ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૦ ચક્ષુઓનો દાન મેળવીને ૩૯૩ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.